| | |
|---|---|
| દાખલ તારીખ :– | ૦૪/૦૭/૨૦૨૫ |
| રજીસ્ટર તારીખ:– | ૦૪/૦૭/૨૦૨૫ |
| ફેસલ તારીખ :– | ૧૬/૦૩/૨૦૨૬ |
| સમયગાળો | **વર્ષ– માસ–દીવસ** |
| | **૦૦ ૦૮ ૧૨** |

| | |
|---|---|
| **વસોનાં મે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની કોર્ટમાં, મું.વસો. જિ.ખેડા** | |
| **તારીખ : ૧૬/૦૩/૨૦૨૬<br>ફોજદારી કેસ નં.૨૩૯/૨૦૨૫<br>આંક–<br>ગુનો :–ધી નેગોશ્યીબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ** | |
| **ફરિયાદી.** | **અંકુરકુમાર જગદીશભાઈ પટેલ<br>ઉ.વ.પુખ્ત, ધંધો–ખેતી,<br>રહે.પુનીત ચોક, વસો, તા.વસો, જી.ખેડા** |
| **ફરિયાદી તર્ફે** | **વિ.વકીલ શ્રી એમ.બી.મહીડા** |
| **વિરૂધ્ધ** | |
| **આરોપી** | **સંદીપભાઈ દયાશંકર મીશ્રા<br>ઉ.વ.આ.પુખ્ત, ધંધો–વેપાર,<br>રહે. ૬, માનસરોવરપાર્ક, નાના બજાર, વલ્લભ વિદ્યાનગર, તા.જી.આણંદ** |
| **આરોપી તર્ફે** | **–** |

## જ જ મે ન્ટ

**ફરિયાદની હકીકત**

(૧) આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી વસો,

તા.વસો મુકામે રહે છે અને આ કામના આરોપી પણ વલ્લભ વિદ્યાનગર, તા.જી.આણંદ મુકામે રહી વસો મુકામે સીરામીકની ફેકટરી ધરાવી વેપાર ધંધો કરે છે. આમ ફરીયાદી અને આરોપી એક બીજાના મીત્ર થતા હોઈ જેથી એક બીજા સાથે અવાર નવાર મળતા હોય એક બીજા સાથે વિશ્વાસપુર્ણ સંબંધો બંધાયેલા છે. આમ સદર મીત્રતાના સંબંધોને કારણ આરોપીને તેઓના ધંધાના કામ અર્થે નાણાંકીય જરૂરીયાત ઉત્પન્ન થતા આરોપીએ ફરીયાદી પાસે હાથઉછીના નાણાં રૂા.૧,૮૦,૦૦૦/- ની છ માસ પહેલાના અરસામાં માંગણી કરતા ફરીયાદીએ આરોપીની માંગણી મંજબ મીત્રતાના સંબંધો ને કારણે આરોપીને હાથઉછીની રકમ રૂા.૧,૮૦,૦૦૦/- પુરા રોકડા આપેલા હતા. જે નાણાં આરોપીએ ફરીયાદીને ચાર(૪) માસમાં પરત ચુકવી આપવાનો પાકો વિશ્વાસ અને ભરોસો આપેલ હતો. આમ ચાર(૪) માસનો સમય વીત્યા બાદ ફરીયાદીએ આરોપીને આપેલ હાથઉછીની રકમની પરત માંગણી કરતા આરોપીએ ફરીયાદીને નાણાં પરત ચુકવી આપેલા નહી અને ખોટા ખોટા વાયદા કરી સમય પસાર કરે જતા હોઈ જેથી ફરીયાદીએ આરોપી પાસે અવાર નવાર આરોપીને આપેલ હાથઉછીના નાણાંની પરત માંગણી કરતા આરોપીએ ફરીયાદીને તેઓની સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયા, પેટલાદ રોડ, નડીયાદ શાખાનો ખાતા નં. ૩૫૮૪૬૦૬૨૫૩ નો ચેક નં. ૦૯૦૮૫૭ નો તા.૨૮/૦૫/૨૦૨૫ ના રોજનો રૂા.૧,૮૦,૦૦૦/- ના પુરાના ચેકમાં આરોપીએ ફરીયાદીની રૂબરૂમાં સહી કરીને આપેલ હતો અને જણાવેલ કે સદરહું ચેક પાકતી તારીખે બેન્કમાં રજુ કરતા તમોને તમારા નાણાં જરૂરથી મળી જશે. જેથી આરોપી પર સંપુર્ણ વિશ્વાસ અને ભરોસો રાખી ફરીયાદીએ સદરહું ચેક સ્વીકારેલો. ત્યારથી ફરીયાદી સદર ચેકના કાયદેસરના ધારણકર્તા બનેલા. આમ ફરીયાદીએ સદર ચેક તા.૨૮/૦૫/૨૦૨૫ ના રોજ ફરીયાદીની સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયા, વસો શાખામાં રજુ કરતા સદર ચેક ''એકાઉન્ટ કલોઝ'' ના શેરા સાથે તા.૨૯/૦૫/૨૦૨૫ ના

રોજ વગર સ્વીકારાયે પરત આવેલ. આમ આરોપીએ ફરીયાદીને તેમના કાયદેસરના આરોપીને આપેલ હાથઉછીની લેણી રકમના નાંણા નહી ચુકવી આપી સદર લેણી રકમના બદલામાં ચેક આપી સદર ચેકનો જાણી બુજી અસ્વીકાર કરાવડાવી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો શીક્ષાને પાત્ર ગુનો કરેલ છે. જેથી ફરીયાદીએ તેમના વકીલશ્રી મારફતે તા.૦૯/૦૬/૨૦૨૫ ના રોજ મજકુર કાયદાની જોગવાઈઓ નીચે ડીમાન્ડ નોટીસ આપેલી જે નોટીસ આરોપીને બજયા વગર અસલ કરવ ''રીફ્યુશડ'' ના શેરા સાથે તા.૧૨/૦૬/૨૦૨૫ ના રોજ પરત આવેલ છે. આમ આજ દીન સુધી માંગતા લેણા પૈસા આપેલ ના હોય. આમ આરોપીએ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઈઓનો ભંગ કરેલ હોઈ, હાલની ફરીયાદ આરોપી વિરુધ્ધ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧ ૩૮ મુજબ રજુ કરેલ છે.

**<u>આરોપીની હાજરી અને તેમનુ નિવેદન:–</u>**

(૨) આરોપીને સમન્સ બજી ગયેલ છે જે આંક–૦૬ થી રજુ છે. ત્યાર બાદ આરોપીને વોરંટ કાઢવામાં આવેલ પરતુ તે વગર બજે પરત આવેલ. ત્યાર બાદ આ કામના પક્ષકારોએ આંક–૦૯ થી સમાધાન પુરસીસ આપી જણાવેલ છે કે તેઓ વચ્ચે રૂા.૧,૨૦,૦૦૦/– માં સમાધાન થયેલ છે. તેમજ આરોપી તરફથી ફરીયાદીને રૂા.૬૦,૦૦૦/– રોકડા મળેલ છે અને રૂા.૬૦,૦૦૦/– ફરીયાદીને આરોપી પાસે લેવાના બાકી રહે છે. તેજ દીવસે આરોપી તરફે આંક–૧૦ થી મુદત અરજી રજુ રાખી તેમાં તેઓએ રૂા.૬૦,૦૦૦/– આપેલ હોવાનુ જણાવેલ છે. ત્યાર બાદ તા.૧૩/૦૨/૨૦૨૬ ના રોજ ફરીયાદીએ આંક–૧૧ થી પુરસીસ રજુ રાખી જણાવેલ છે કે તેઓને રૂા.૨૦,૦૦૦/– આજ રોજ રોકડા મળેલ છે. આમ આરોપીએ ફરીયાદીને કુલ રૂા.૮૦,૦૦૦/– જેટલી રકમ ચુકવી દીધેલ છે. ત્યાર બાદ આરોપી કોર્ટ સમક્ષ હાજર રહેલ નથી. આમ આરોપીનો ઈરાદો અત્રેની અદાલત સમક્ષ તેમની સામે પડતર હાલની કાર્યવાહીમાં ગેરહાજર રહી ન્યાય પ્રક્રિ

યાને વિલંબમાં નાખતા હોવાનુ સ્પષ્ણપણે જણાઈ આવે છે. આમ આરોપીને જો સમયસર કોર્ટમાં હાજર રાખી શકાય નહી માત્ર તેવા કારણે કોર્ટની કાર્યવાહી બંધ રાખવી કે વિલબમાં નાખવી તે યોગ્ય ગણાશે નથી જે ધ્યાને લઈ આરોપીને સમગ્ર કેસની જાણ હોવા અને જાણીબુજીને હાજર ન રહેતા હોય જેથી આરોપી ગુનો કબુલ કરતા નથી તે રીતે જ કેસની કાર્યવાહી આગળ ચલાવેલ છે અને ફરીયાદ પક્ષનો પુરાવો રજુ કરવા સુચના આપવામાં આવેલ. પરંતુ ત્યાર બાદ પણ કેસની સમગ્ર કાર્યવાહી દરમ્યાન આરોપી કોર્ટ સમક્ષ હાજર ન રહેતા ફરીયાદી પક્ષ ધ્વારા **આંક–૨૨** થી અરજી રજુ રાખેલ છે અને આ કામે આરોપીનો ફરીયાદીની ઉલટ તપાસનો હકક બંધ કરી કામ આગળ ચલાવવા રજુઆત કરવામાં આવેલ જે અરજી ન્યાયના હિતમાં મંજુર કરી, ફરીયાદ પક્ષનો પુરાવો રજુ કરવા સુચના આપવામાં આવેલ.

(૩) ત્યાર બાદ, ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક પુરાવો તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**મૌખિક પુરાવો:–**

| અ. નં. | આંક | મૌખિક પુરાવની વિગત |
|---|---|---|
| ૧ | ૦૪ | ફરિયાદી અંકુરકુમાર જગદીશભાઈ પટેલનું સરતપાસનું સોગંદનામુ |

**દસ્તાવેજી પુરાવો:–**

| અ.નં. | આંક | દસ્તાવેજી પુરાવાની વિગત |
|---|---|---|
| **૧** | **૧૪** | અસલ ચેક નં. ૦૯૦૮૫૭ |
| **૨** | **૧૫** | ચેક રિટર્ન મેમો |
| **૩** | **૧૬** | ડીમાંડ નોટીસ |

| | | |
|---|---|---|
| ૪ | ૧૭ | આર.પી.એડી.ની વિન્ડો સ્લીપ |
| ૫ | ૧૮ | પોસ્ટનો ટ્રેક કનસાઈમેન્ટ રીપોર્ટ |
| ૬ | ૧૯ | નોટીસ આરોપીને બજયા વગર કવર પરત આવેલ તે કવર |
| ૭ | ૨૦ | ફરીયાદીના આધારકાર્ડની નકલ |
| ૮ | ૨૧ | આરોપીના આધારકાર્ડની નકલ |

આમ ઉપર મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ફરીયાદ પક્ષ તરફે રજુ થતાં આ સિવાય ફરીયાદ પક્ષે અન્ય કોઈ વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોઈ આંક –૨૩ થી કલોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલ છે.

(૪) ત્યાર બાદ, આરોપી પક્ષે પોતાના કેસના સમર્થનમાં કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ નથી.

(૫) આ કામે ફરીયાદ પક્ષે ઉપરોકત મૌખિક, દસ્તાવેજી પુરાવો રજુ થયા બાદ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ –૩૫૧ અન્વયે આરોપીનુ વિશેષ નિવેદન તૈયાર કરવામાં આવેલ તેમજ વિશેષ નિવેદન આપવા માટે આરોપીને પુરતી તક આપવા છતાં આરોપી હાજર રહેતા ન હોય, તેમજ કેસની કાર્યવાહી જાણી–જોઈને વિલંબમાં નાંખેલ હોય, ફરીયાદીએ **આંક–૨૨** થી આપેલ અરજી ઉપર કરેલ હુકમ મુજબ આરોપીનો ઉલટ તપાસ લેવાનો હકક બંધ કરી હાલનો કેસ આરોપી સામે એકતરથી આગળ ચલાવવા હુકમ કરવામાં આવેલ છે. આરોપી તરફે આજ દીન સુધી સદર હકક ખોલાવવા માટે કોઈ અરજી પણ કરવામાં આવેલ નથી કે સદર હુકમને આજ દીન સુધી એપેલટ કોર્ટમાં પડકારેલ હોય તેવી કોઈ પણ હકિકત રેકર્ડ ઉપર આવેલ નથી.

(૬) **ત્યાર બાદ સદર કામ દલીલોના સ્ટેજ ઉપર રાખવામાં આવેલ.**

ફરીયાદી મૌખીક દલીલ કરેલ છે કે, ફરીયાદીએ પોતાનો કેસ વ્યાજબી પુરાવાથી પુરવાર કરેલ છે. જયારે આરોપી તરફે કોઈ બચાવ લેવામાં આવેલ નથી.

આમ, ફરીયાદીની ઉલટ તપાસ પણ કરવામાં આવેલ ન હોય તેવા સંજોગોમાં ફરીયાદી સરતપાસ ઉપર જે હકીકત જણાવે છે તે ન માનવાને કારણ નથી. આરોપીએ કલમ–૧૩૯ મુબના અનુમાનનુ કોઈ ખંડન કરેલ નથી, જેથી આવા સંજોગોમાં ફરીયાદીનુ કાયદેસરનું લેણું પુરવાર થતું હોય, તેમજ કલમ–૧૩૮ ના તત્વો પુરવાર થતા હોય, આરોપીને વધુમાં વધુ સજા કરી વળતર અપાવવા રજુઆત કરેલ છે.

ત્યાર બદ સદર કામ આરોપી તરફે દલીલો માટે રાખવામાં આવેલ છે, આરોપીને દલીલો કરવા માટે પુરતી તક આપવા છતાં આરોપીએ દલીલો કરેલ નથી કે કોઈ બચાવ કે રજુઆત કરેલ નથી.

(૭) સબબ ઉપરોકત હકીકતે આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**મુદ્દા**

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદપક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ પોતાના કાયદેસરના દેવાની ચુકવણી પેટે ફરીયાદીને **ચેકો ૦૯૦૮૫૭** નો આપેલ જે ચેક ફરીયાદીએ પોતાના બેંક ખાતામાં રજૂ કરતા ''**એકાઉન્ટ કલોઝ**'' ના શેરા સાથે વગર સ્વીકારાયે પરત ફરતાં **ફરીયાદીએ નિયમ સમય મર્યાદામાં આરોપીને નોટીસ મોકલેલી જે નોટીસ આરોપીને બજી ગયેલ** હોવા છતાં આરોપીએ ચેકના નાણાં ફરીયાદીને ન ચુકવી આપી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ? |
| (૨) | શું હુકમ ? |

(૮) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | **હકારમાં** |
| (૨) | **આખરી હુકમ મુજબ.** |

**<u>ઉપરોકત નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે.</u>**

**<u>મુદ્દા નંબર.૧ :–</u>**

(૯) ફરીયાદીએ હાલની ફરીયાદ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ભંગ બદલની કરેલ છે.

**<u>મુદ્દા નં. ૧ ની ચર્ચા કરતા પહેલા ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ પુરવાર કરવા માટે નીચે મુજબના તત્વો પુરવાર કરવા આવશ્યક છે.</u>**

(૧) આરોપીએ પોતાના ખાતામાંથી ફરીયાદીને નાણાંની ચુકવણી કરવા ચેક લખેલ હોવો જોઈએ.

(૨) આરોપીએ ફરીયાદીને આપેલ ચેક સમગ્ર અથવા અંશત: દેવા અથવા બજી જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.

(૩) ચેક, જે તારીખે લખ્યો તે તારીખથી ત્રણ માસમાં બેંકમાં રજૂ કરવામાં આવેલ હોવો જોઈએ.

(૪) ચેક ખાતામાં જમા કરાવતા અપુરતા ભંડોળના કે અન્ય કારણોસર વણ–ચુકવાયેલ પરત થયેલ હોવો જોઈએ.

(૫) ચેક પરત ફર્યાની બેંકમાંથી માહીતી મળ્યા બાદ ફરીયાદીએ એક માસમાં નાણાંની લેખિત માંગણી કરેલ હોવી જોઈએ.

(૬) આરોપીને લેખિત માંગણી વાળી નોટીસ બજી ગયેલ હોવી જોઈએ અને આરોપીને બજવણી થયાથી દીન–૧૫ માં ચેકની રકમ ચુકવવામાં કસુર કરેલ હોવો જોઈએ.

(૭) ત્યાર બાદ એક માસમાં ફરીયાદ થયેલ હોવી જોઈએ.

**(૧૦) આમ, જો આ તમામ તત્વો નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સફળ થાય તો જ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબનો ગુનો સાબિત થયાનુ માની શકાય.**

સદર કામ અંગેનું સૌ પ્રથમ આવશ્યક તત્વો એ છે કે, તકરારી ચેક કાયદેસરનું દેવું કે જવાબદારી પુરેપુરી કે અંશત: અદા કરવા માટે આપેલ હોવો જોઈએ. જે હકિકત પુરવાર કરવા અંગે સાબિતીનો પ્રારંભીક બોજો ફરીયાદી ઉપર રહે છે. જે બોજાનું ફરીયાદી વહન કરે કે તુરંત જ એન.આઈ.એકટની કલમ–૧૩૯ અન્વયે ચેક ધારણ કરનાર યાને કે હાલના ફરીયાદીની તરફેણમાં તેમજ ચેક આપનાર યાને કે હાલના આરોપીની વિરુધ્ધમાં કાયદાકીય અનુમાન કરવાનુ રહે છે. જે અનુસાર તકરારી ચેક કાયદેસરના દેવા કે જવાબદારીને સંપુર્ણત: કે અંશત: ચુકવણી કરવા માટે જ આપવામાં આવ્યો હોવાનુ અનુમાન કરવાનુ રહે છે. સદર અનુમાન કાયદાકીય અનુમાન છે અને જે ખંડનાત્મક અનુમાન છે. ખંડનાત્મક અનુમાન અંગેનો પુરાવો રજૂ કરવાનો સંપુર્ણ બોજો આરોપી ઉપર છે. સદર ખંડનાત્મક પુરાવો રજુ કરવા માટે કોઈ સીધો કે પ્રત્યક્ષ પુરાવો હોવો જોઈએ તેવુ જરૂરી નથી. આરોપી કેસના રેકર્ડ ઉપર હોય તેવા સંજોગોથી પ્રસ્થાપિત કરી શકે છે કે, જેનાથી તકરારી ચેક કોઈ કાયદેસરના દેવા માટે આપ્યો જ ન હોવાની સંભાવના ઘણી જ પ્રબળ હોય તો તેનાથી પણ સદર અનુમાનનું ખંડન થયાનુ ગણી શકાય છે.

(૧૧) ફરીયાદીએ પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૦૪ થી સરતપાસનુ સોગંદનામુ રજુ કરેલ છે. જેમાં ફરીયાદીએ ફરીયાદમાં જણાવેલ તમામ હકીકતો સરતપાસમાં અક્ષર સહ: જણાવેલ છે. ફરીયાદપક્ષના કેસ મુજબ આ કામના વસો, તા.વસો મુકામે રહે છે અને આ કામના આરોપી પણ વલ્લભ વિદ્યાનગર, તા.જી.આણંદ મુકામે રહી વસો મુકામે સીરામીકની ફેકટરી ધરાવી વેપાર

ધંધો કરે છે. આમ ફરીયાદી અને આરોપી એક બીજાના મીત્ર થતા હોઈ જેથી એક બીજા સાથે અવાર નવાર મળતા હોય એક બીજા સાથે વિશ્વાસપુર્ણ સંબંધો બંધાયેલા છે. આમ સદર મીત્રતાના સંબંધોને કારણ આરોપીને તેઓના ધંધાના કામ અર્થે નાણાંકીય જરૂરીયાત ઉત્પન્ન થતા આરોપીએ ફરીયાદી પાસે હાથઉછીના નાણાં રૂા.૧,૮૦,૦૦૦/- ની છ માસ પહેલાના અરસામાં માંગણી કરતા ફરીયાદીએ આરોપીની માંગણી મંજબ મીત્રતાના સંબંધોને કારણે આરોપીને હાથઉછીની રકમ રૂા.૧,૮૦,૦૦૦/- પુરા રોકડા આપેલા હતા. જે નાણાં આરોપીએ ફરીયાદીને ચાર(૪) માસમાં પરત ચુકવી આપવાનો પાકો વિશ્વાસ અને ભરોસો આપેલ હતો. આમ ચાર(૪) માસનો સમય વીત્યા બાદ ફરીયાદીએ આરોપીને આપેલ હાથઉછીની રકમની પરત માંગણી કરતા આરોપીએ ફરીયાદીને નાણાં પરત ચુકવી આપેલા નહી અને ખોટા ખોટા વાયદા કરી સમય પસાર કરે જતા હોઈ જેથી ફરીયાદીએ આરોપી પાસે અવાર નવાર આરોપીને આપેલ હાથઉછીના નાણાંની પરત માંગણી કરતા આરોપીએ ફરીયાદીને તેઓની સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયા, પેટલાદ રોડ, નડીયાદ શાખાનો ખાતા નં. ૩૫૮૪૬૦૬૨૫૩ નો ચેક નં. ૦૯૦૮૫૭ નો તા.૨૮/૦૫/૨૦૨૫ ના રોજનો રૂા.૧,૮૦,૦૦૦/- ના પુરાના ચેકમાં આરોપીએ ફરીયાદીની રૂબરૂમાં સહી કરીને આપેલ હતો અને જણાવેલ કે સદરહું ચેક પાકતી તારીખે બેન્કમાં રજુ કરતા તમોને તમારા નાણાં જરૂરથી મળી જશે. જેથી આરોપી પર સંપુર્ણ વિશ્વાસ અને ભરોસો રાખી ફરીયાદીએ સદરહું ચેક સ્વીકારેલો. ત્યારથી ફરીયાદી સદર ચેકના કાયદેસરના ધારણકર્તા બનેલા. આમ ફરીયાદીએ સદર ચેક તા.૨૮/૦૫/૨૦૨૫ ના રોજ ફરીયાદીની સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયા, વસો શાખામાં રજુ કરતા સદર ચેક ''એકાઉન્ટ કલોઝ'' ના શેરા સાથે તા.૨૯/૦૫/૨૦૨૫ ના રોજ વગર સ્વીકારાયે પરત આવેલ. આમ આરોપીએ ફરીયાદીને તેમના કાયદેસરના આરોપીને આપેલ હાથઉછીની લેણી

રકમના નાંણા નહી ચુકવી આપી સદર લેણી રકમના બદલામાં ચેક આપી સદર ચેકનો જાણી બુજી અસ્વીકાર કરાવડાવી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો શીક્ષાને પાત્ર ગુનો કરેલ છે. જેથી ફરીયાદીએ તેમના વકીલશ્રી મારફતે તા.૦૯/૦૬/૨૦૨૫ ના રોજ મજકુર કાયદાની જોગવાઈઓ નીચે ડીમાન્ડ નોટીસ આપેલી જે નોટીસ આરોપીને બજયા વગર અસલ કરવ ''રીફયુશડ'' ના શેરા સાથે તા.૧૨/૦૬/૨૦૨૫ ના રોજ પરત આવેલ છે. આમ આજ દીન સુધી માંગતા લેણા પૈસા આપેલ ના હોય. જેથી હાલની ફરીયાદ આરોપી વિરુધ્ધ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૩૮ મુજબ રજુ કરી., આરોપીને પકડી મંગાવી સજાની નસીહત કરવા તથા ફરીયાદમાં જણાવેલ રકમ ચુકવી આપે તેવો હુકમ કરવા અરજ કરેલ છે. આમ, આરોપીએ ચેકની રકમ ભરપાઈ ન કરી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુબજનો ગુનો કરેલ છે.

**આરોપીની પ્લી નોંધવાના સ્ટેજે આરોપી હાજર ન રહેતા હોય જેથી પ્લી નોંધ્યા વગર જ આગળ ચલાવેલ હોય. ત્યાર બાદ સદર કેસ આરોપીનાઓ ધ્વારા ફરીયાદીની ઉલટ તપાસ માટે મુલત્વી રાખવામાં આવેલ, તેમ છતાં આ કામના આરોપીનાઓ ધ્વારા કે તેઓ તરફે ફરીયાદીની ઉલટ તપાસ કરેલ નથી કે ફરીયાદીની ઉલટ તપાસ કરવા ફરીયાદીને રી–કોલ કરાવવા એન.આઈ.એકટની કલમ ૧૪૫(૨) મુજબની અરજી રજુ કરેલ નથી.** વધુમાં આરોપીને ફરીયાદીની ઉલટ તપાસ કરવા માટે પુરતી તક આપવા છતાં આરોપીએ ફરીયાદીની ઉલટ તપાસ કરવા કે એન.આઈ.એટકની કલમ ૧૪૫(૨) મુજબની અરજી રજુ કરેલ ન હોય, સદર કેસની કાયદાનુસારની કાર્યવાહી કરવામાં આવેલ.

વધુમાં આરોપી તરફે **આજ દીન સુધી ઉલટ તપાસ કરવા તથા ફરીયાદીને રી–કોલ કરવા એન.આઈ.એકટની કલમ–૧૪૫(૨) મુજબની કોઈ અરજી રજુ કરવામાં આવેલ ન હોય આરોપી ફરીયાદીની ઉલટ તપાસ કરવા ન માંગતા હોવાનુ તથા પોતાનો બચાવ કરવા ન માંગતા હોવનુ રેકર્ડ ઉપરથી સ્પષ્ટ**

**<u>જણાય આવે છે.</u>** સમગ્ર હકિકત ઘ્યાને લેતા ફરીયાદી જે હકીકતો સોગંદ ઉપર જણાવે છે તે તમામ હકીકતો પડકાર્યા વિનાની છે. ફરીયાદીએ જે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે તે તમામ દસ્તાવેજી પુરાવાઓ પણ પડાકાર્યા વિનાના છે. જયારે હકીકતો પડાકાર્યા વિનાની હોય ત્યારે ફરીયાદી સોગંદ ઉપર સત્ય હકીકતો જણાવે છે તે માનવાને કારણ રહે છે. તે અનુમાનની ખંડન કરવાની જવાબદારી બચાવપક્ષની છે. પરંતુ આરોપી તરફે ફરીયાદીએ જણાવેલ કોઈ હકિકતો પડકારેલ નથી, જેથી આરોપીએ અનુમાન કોઈ વ્યાજબી સબળ પુરાવાથી ખંડન કરેલ નથી. આવા સંજોગોમાં આરોપીએ કાયદેસરના દેવા પેટે ફરીયાદીને પોતાની સહીવાળા પોતાના ખાતાના ચેક આપેલ હોવાનુ પુરવાર થાય છે.

(૧૨) આ તબકકે કાયદાની કલમ ૨૦ ઘ્યાને લેવામાં આવે તો સ્ટેમ્પવાળુ અધુરુ ખત અંગે અનુમારનની જોગવાઈ કરવામાં આવેલ છે જયારે **<u>કોઈ એક વ્યકિત તેના ઉપર સહી કરીને બીજી વ્યકિતને સોંપે ત્યારે તે વ્યકિત, તેથી તે ખતના ધારકને તેના ઉપર વધુમાં વધુ તે સ્ટેમ્પની મર્યાદામાં હોય તેટલી અને તેમાં નિર્દિષ્ટ કરેલ રકમ તે યથાપ્રસંગ વટાઉખત બનાવવાનો અથવા પુરૂ કરવાનો પ્રથમ દર્શનીય અધિકાર આપે છે.</u>** જે નીચે મુજબ છે.

**<u>''કલમ–૨૦'' સ્ટેમ્પવાળું અધુરૂ ખત''–</u>**

**<u>વટાઉખત સબંધી ભારતમાં તે સમયે અમલમાં હોય તેવા કાયદા અનુસાર સ્ટેમ્પવાળા કાગળ તદ્દન કોરા રાખીને અથવા તેના ઉપર અધુરૂ વટાઉખત લખીને કોઈ એક વ્યકિત તેના ઉપર સહી કરીને બીજી વ્યકિતને સોંપે ત્યારે તે વ્યકિત, તેથી તે કાગળના ધારકને તેના ઉપર વધુમાં વધુ તે સ્ટેમ્પની મર્યાદામાં હોય તેટલી અને તેમાં નિર્દિષ્ટ કરેલી રકમ તે યથાપ્રસંગ વટાઉખત બનાવવાનો અથવા પુરૂ કરવાનો પ્રથમ દર્શને અધિકાર આપે છે. એ રીતે સહી કરનાર વ્યકિતએ જે હેસિયતમાં વટાઉખત ઉપર સહી કરી હોય તે હેસિયતમાં તે વ્યકિત, તે સિવાયની કોઈ પણ વ્યકિત તે ખત સોંપનાર વ્યકિત પાસેથી તે ખત</u>**

**<u>હેઠળ જેટલી રકમ આપવાનો તેનો ઈરાદો હોય તેથી વધુ રકમ વસૂલ કરી શકશે નહી.''</u>**

આ તબકકે કાયદાની કલમ ૧૩૯ ની જોગવાઈ વંચાલે લેવામાં આવે તો તેમાં જોઈગવાઈ કરવામાં આવેલ છે કે, **<u>વિરુધ્ધની હકિકત સાબિત ન થાય ત્યાં સુધી એવું માનવામાં આવશે કે ચેક ધારણ કરનારે તે ચેક કલમ ૧૩૮ માં દર્શાવ્યા મુજબ કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજા મુકત થવાના બદલામાં ચેકના આપનાર પાસેથી ચેક મેળવ્યો હશે.</u>**

સદર જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો કલમ ૧૩૯ ના અનુમાનનું ખંડન કરવાની જવાબદારી આરોપીની છે. વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટે <u>Bir Singh – Appellant Versus Mukesh Kumar – Respondent 2019 0 Supreme(SC) 126</u> ના ચુકાદામાં જણાવેલ છે કે, કલમ ૨૦, ૮૭, ૧૩૯ જોગવાઈ પ્રમાણે જયારે કોઈ વ્યકિત ચેક પર સહી કરી અને અન્ય વ્યકિતને આપે તો તે જવાબદાર બને છે સિવાય કે ચેક આપનાર યોગ્ય પુરાવો રજુ કરી તેનુ ખંડન કરે. વધુમાં ચેક આપનારે માત્ર તેમાં સહી કરેલ હોય અને તેની વિગતો ચેક આપનાર સિવાય અન્ય ધ્વારા ભરવામાં આવેલ હોય અને ચેક યોગ્ય સહી કરીને આપવામાં આવેલ હોય અને અન્ય રીતે તે કાયદેસર હોય તો પણ કલમ ૧૩૮ લાગુ પડશે જે નીચે મુજબ છે.

> <u>“36. The proposition of law which emerges from the judgments referred to above is that the onus to rebut the presumption under Section 139 that the cheque has been issued in discharge of a debt or liability is on the accused and the fact that the cheque might be post dated does not absolve the drawer of a cheque of the penal consequences of Section 138 of the Negotiable Instruments Act.</u>
>
> <u>37. A meaningful reading of the provisions of the Negotiable Instruments Act including, in particular, Sections 20, 87 and 139, makes it amply clear that a person who signs a cheque and makes it</u>

over to the payee remains liable unless he adduces evidence to rebut the presumption that the cheque had been issued for payment of a debt or in discharge of a liability. It is immaterial that the cheque may have been filled in by any person other than the drawer, if the cheque is duly signed by the drawer. If the cheque is otherwise valid, the penal provisions of Section 138 would be attracted.

38. If a signed blank cheque is voluntarily presented to a payee, towards some payment, the payee may fill up the amount and other particulars. This in itself would not invalidate the cheque. The onus would still be on the accused to prove that the cheque was not in discharge of a debt or liability by adducing evidence."

વધુમાં આ કામે રજુ કરવામાં આવેલ ચેક ફરીયાદીની કસ્ટડીમાંથી રજુ કરેલ છે તે વધુમાં સદર ચેક ફરીયાદી પાસે કઈ રીતે આવેલ તે અંગેનો કોઈ ખુલાસો કરેલ નથી. વધુમાં તે અંગે આરોપીએ કોઈ બચાવ રજુ કરેલ નથી.

(૧૩) **આરોપીને નોટીસ બજેલ છે કે, કેમ તે અંગેની ચર્ચા કરવામાં આવે તો,** અત્રે ઉલ્લેખનીય હકીકત એ છે કે, આ કામના આરોપીને નોટીસ મોકલવામાં આવેલ છે તે લગત એ.ડી.સ્લીપ વંચાણે લેવામાં આવે તો તેમાં આરોપીનુ યોગ્ય સરનામુ જણાવેલ છે જે આ કામે કરેલ છે. તેથી કલમ જનરલ કલોઝીસ એકટની કલમ ૨૭ અને સાક્ષ્ય અધિનીયમની કલમ ૧૧૯ નું અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનુ રહે છે. સદર અનુમાન ધ્યાને લેતા આરોપીને નોટીસ બજી ગયા હોવાનુ અનુમાન કરી શકાય છે. જેને ખંડન કરવાની જવાબદારી પણ આરોપીની રહે છે. આ તબકકે આરોપીને તેના યોગ્ય સરનામે નોટીસ મોકલવામાં આવેલ હોય તે બજી ગયા હોવાનું માનવામાં આવે છે.

વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટે **C.C. Alavi Haji — Appellant versus Palapetty Muhammed & Anr. — Respondents Appeal (crl.) 767 of 2007** પેરા ૧૭ માં ઠરાવેલ છે કે,

જયારે આરોપીને કલમ ૧૩૮ મુજબની નોટીસ આપવામાં આવેલ હોય અને તેને મળેલ ન હોયતો તે કેસની સમન્સની બજવણી થયાના પંદર દિવસની અંદર નાણા અંગેની ચુકવણી કરી શકે છે અને જો તે ચુકવણી ન કરે તો તે એ બચાવ લઈ શકે નહી કે તેને નોટીસની બજવણી થયેલ ન હતી. જે નીચે મુજબ છે.

17.It is also to be borne in mind that the requirement of giving of notice is a clear departure from the rule of Criminal Law, where there is no stipulation of giving of a notice before filing a complaint. **Any drawer who claims that he did not receive the notice sent by post, can, within 15 days of receipt of summons from the court in respect of the complaint under Section 138 of the Act, make payment of the cheque amount and submit to the Court that he had made payment within 15 days of receipt of summons (by receiving a copy of complaint with the summons) and, therefore, the complaint is liable to be rejected. A person who does not pay within 15 days of receipt of the summons from the Court along with the copy of the complaint under Section 138 of the Act, cannot obviously contend that there was no proper service of notice as required under Section 138, by ignoring statutory presumption to the contrary under Section 27 of the G.C. Act and Section 114 of the Evidence Act. In our view, any other interpretation of the proviso would defeat the very object of the legislation. As observed in Bhaskarans case (supra), if the giving of notice in the context of Clause (b) of the proviso was**

**<u>the same as the receipt of notice a trickster cheque drawer would get the premium to avoid receiving the notice by adopting different strategies and escape from legal consequences of Section 138 of the Act</u>.**

આમ, ઉપરોકત ચુકાદાઓ માનસહ વંચાણે લેતા, આરોપીને નોટીસ બજી ગયેલ હોવાનુ માનવાને કારણ બને છે. વધુમાં અત્રેની કોર્ટનો સમન્સ બજી જવા છતા તેણે ૧૫ દીવસની અંદર નાણાની ચુકવણી કરેલ નથી તે હકીકત ઘ્યાને લેતા આરોપીનો ફરીયાદીના નાણાં ચુકવવાનો ઈરાદો ન હોવાનુ સ્પષ્ટપણે જણાઈ આવે છે.

(૧૪) વધુમાં **<u>એ.આઈ.આર.૨૦૧૦(સુપ્રિમ કોર્ટ) ૧૮૯૮ રંગપ્પા વિરુઘ્ઘ શ્રી મોહન</u>** ના ચુકાદાથી નામ. સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે, કલમ–૧૩૯ ના અનુમાનમાં કાયદાકીય અમલને પાત્ર વ્યવહાર અથવા તો જવાબદારીનું અસ્તિત્વ હોવાનો સમાવેશ થાય છે. સરદ અનુમાન એ અસ્તિત્વ ન હોવા બાબતે પોતાનો બચાવ રજૂ કરી શકે છે. પરંતુ ફરીયાદીને લાભ કરે તેવુ પ્રારંભિક અનુમાન હોવા બાબતે કોઈ શંકા નથી. કલમ–૧૩૯ નો સમાવેશ કાયદા ઘડનાર ઘ્વારા વટાઉખતની વિશ્વસનીયતામાં સુધારો કરવાના આશયથી કરવામાં આવ્યો છે કે કલમ–૧૩૮ ઘ્વારા ચેકનો અસ્વિકાર થયાના કિસ્સામાં સખત ફોજદારી ઉપાય મળે, જયારે કલમ–૧૩૯ માં કરવામાં આવેલ ખંડનાત્મક અનુમાનની જોગવાઈ ઈન્સાફી કાર્યવાહીમાં થતો વિલંબ અટકાવવા માટે છે. તેમ છતાં યાદ રાખવુ જરૂરી છે કે, કલમ–૧૩૮ ઘ્વારા સજાને પાત્ર ગુનાને રેગ્યુલેટરી ઓફેન્સ તરીકે ઉલ્લેખવો જોઈએ. કારણ કે ચેકનો અસ્વિકાર થવો એ મોટાભાગે દીવાની અપકૃત્ય હોય છે અને જેની અસર મોટા ભાગે વ્યાપાર સાથે સંકળાયેલ હોય તેવા ખાનગી પક્ષકારો ઉપર થાય છે. તે કારણસર આરોપી ઉપર જે ખંડનાત્મક પુરાવાનો બોજો છે તે નાહક ઉચ્ચ ધોરણો દર્શાવતી સાબિતીનો હોવો જોઈએ નહી. જે હકિકત

ધ્યાને લેતા જયારે આરોપીએ અનુમાનનું ખંડન કરવાનુ હોય ત્યારે સાબિતીનુ ધોરણ પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીથી થવુ જોઈએ. માટે જયારે આરોપી કાયદાકીય રીતે અમલને પાત્ર હોય તેવું દેવું અથવા જવાબદારી સામે શંકા ઉપસ્થિત થાય તેવો બચાવ ઉભો કરવામાં સફળ થાય તો ફરીયાદ પક્ષનો કેસ નિષ્ફળ થઈ શકે. આરોપી આવો બચાવ ઉભો કરવા માટે ફરીયાદ પક્ષ તરફથી જે સામગ્રી રજૂ કરવામાં આવેલ હોય તેના ઉપર આધાર રાખી શકે અને તે સંજોગોમાં અમુક કેસમાં આરોપીએ પોતાનો પુરાવો રજુ કરવો જરૂરી હોતો નથી. વધુમાં સદર ચુકાદાથી એવો પણ સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, કલમ–૧૩૯ અન્વયેના અનુમાનનું ખંડન કરવા માટે આરોપી તરફે જે બચાવ લેવામાં આવ્યો હોય તે બચાવ સામાન્ય બુધ્ધી ધારણ કરનાર માણસ સ્વીકારી શકે તેવો સભાવિત બચાવ હોવો જોઈએ. સબબ સદર ચુકાદાથી પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત અનુસાર હાલના કેસમાં પણ તકરારી ચેક આરોપીએ પોતાના કાયદેસર રીતે અમલને પાત્ર થઈ શકે તેવાં દેવા કે જવાબદારીની ચુકવી પેટે આપ્યા હોવાનુ અનુમાન કરવામાં આવેલ છે.

હવે એ નકકી કરવાનુ રહે છે કે, આરોપીએ સદર અનુમાનનું ખંડન કરેલ છે કે કેમ? જો આરોપીએ અનુમાનનું ખંડન કર્યાનુ પ્રસ્થાપિત થાય તો તકરારી ચેક અંગે કોઈ કાયદેસરની લેણી રકમ હતી તેવી હકિકત પુરવાર કરવા અંગે સાબીતીનો બોજો ફરીયાદીના શીર ઉપર સિફટ થાય તેમ છે. આ કામે આરોપી તરફે જે પુરાવો રજુ થયેલ છે તેનાથી ફરીયાદની વિગતો તેમજ ફરીયાદીના મૌખિક પુરાવાનુ કોઈ ખંડન કરવામાં આવ્યુ નથી. જેથી આરોપી તરફે ફરીયાદી વિરુધ્ધ અથવા તો રેકર્ડ ઉપર રહેલી સામગ્રી ધ્વારા સદર સ્ટેચ્યુટરી અનુમાનનું ખંડન થયેલ નથી. ઉપરોકત **એ.આઈ.આર.૨૦૧૦(સુપ્રિમ કોર્ટ) ૧૮૯૮ રંગપ્પા વિરુધ્ધ શ્રી મોહનના ચુકાદા**થી પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત અનુસાર આરોપીએ આ કામે લીધેલ બચાવ સંભવિત બચાવ છે કે કેમ, તે પણ નકકી કરવાનુ રહે છે. તે હકિકત નકકી કરવા માટે હાલના કેસમાં આરોપી તરફે ઉલટ તપાસ દરમિયાન તેમજ દલીલો દરમિયાન ઉપસ્થિત

કરેલ બચાવ ધ્યાને લેવાના રહે છે. પરંતુ આ કામે આરોપી તરફે કોઈ કોઈ ઉલટ તપાસ કરવામાં આવેલ ન હોય તેમજ કોઈ દલીલો કરવામાં આવેલ ન હોય, આરોપી તરફે કલમ–૧૩૯ ના અનુમાનનું કોઈ વ્યાજબી ખંડન કરેલ નથી.

(૧૫) આમ, ઉપરોકત ચર્ચા કરી તે મુજબ ફરીયાદીની જુબાની તથા ફરીયાદી તરીકે રજુ કરવામાં આવેલ તમામ દસ્તાવેજી પુરાવા ધ્યાને રાખતાં ફરીયાદીનું કાયદેસરનું લેણુ પુરવાર થાય છે. આરોપી તરફે કલમ–૧૩૯ અને કલમ–૧૧૮ ના અનુમાનનું કોઈ વ્યાજબી સબળ પુરાવાથી ખંડન કરેલ નથી. વધુમાં સબબ તકરારી ચેક સમય મર્યાદામાં બેંકમાં જમા કરાવેલ હોવાનુ તથા તે ચેક ''**એકાઉન્ટ કલોઝ**'' ના શેરા સાથે વગર સ્વીકાર્યે પરત ફરેલ હોવાનુ તથા ફરીયાદીએ સમય મર્યાદામાં આરોપીને નોટીસ મોકલાવેલ હોવાનું અનુમાન કરી શકાય. જેથી આરોપીને નોટીસ બજી ગયેલ હોવા છતાં આરોપીએ સમય મર્યાદામાં રકમ ચુકવેલ ન હોઈ ફરીયાદીએ સમય મર્યાદામાં હાલની ફરીયાદ આરોપી વિરુધ્ધ કરેલ હોવાનું પુરવાર કરેલ હોય તેમજ નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા નીચે મુબજના લેન્ડમાર્ક જજમેન્ટમાં નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ તળેના કેસોમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ ચુકાદાઓ જેમાં **(1) Indian Bank Association v. Union of India AIR 2014 SC 2528 ... Negotiable Instruments Act (26 of 1881) , S.138, S.143, S.145— Dishonour of cheque (2)** ***Afcons Infrastructure Ltd. & Anr. v. Cherian Varkey Constructions Co. Pvt. Ltd, (2010) 8 SCC 24*** તથા ***(3)*** **M/S Meters And Instruments Private ... vs Kanchan Mehta on 5 October, 2017** ના પ્રસ્થાપિત સિંધ્ધાતો ધ્યાને લઈ હાલના કામે **''મુદ્દા નં. ૧''** નો જવાબ ''**હકારમાં**'' આપી આરોપીને તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

(૧૬) રેકર્ડ જોતા આરોપી હાજર રહેલ નથી. આજ રોજ પણ આરોપી કે તેના વિ.વ.શ્રી હાજર નથી. કોઈ મુદત રીપોર્ટ નથી. જેથી આવા સંજોગોમાં આરોપીની

ગેરહાજરીમાં જજમેન્ટ જાહેર કરવુ ન્યાયોચિત જણાય છે.

વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે **Sharad Jethalal Savla - Applicant Versus State of Gujarat & others ( 2017 3 GLH 146)** ચુકાદાના પેરા નં. ૧૨ માં સ્પષ્ટપણે ઠારવેલ છે કે, **<u>So far as the first question is concerned as regards the pronouncement of the judgement and order of conviction and sentence in the absence of the applicant accused, I am of the view that no illegality could be said to have been committed by the trial court</u>.** આમ, નીચેની કોર્ટે આરોપીની ગેરહાજરીમાં સજાનો હુકમ કરેલ તે નામદાર કોર્ટે યોગ્ય ઠેરવી નીચેની કોર્ટનો હુકમ ગેરકાયદેસરનો ન હોવાનુ ઠરાવેલ છે.

(૧૭) આમ, હાલના કેસમાં આરોપીની ગેરહાજરીમાં સજાનો હુકમ જાહેર કરવો ન્યાયોચિત જણાય છે. આ કામે સજાના સંદર્ભે કેસની હકીકત ધ્યાને લઈએ તો આરોપીની પ્લી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૭૪ મુજબ લેવામાં આવતી હોય છે અને તે આધારે કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૭૮(૨) મુજબ આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે તો આરોપીને સજા અંગે સાંભળવા ફરજીયાત નથી. સજાના સંદર્ભમાં કેસની હકીકત ધ્યાને લઈએ તો નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ એ સ્પેશ્યલ એકટ છે અને તેમાં ભંગ બદલ બે વર્ષ સુધીની કેદની સજા અથવા દંડ ચેકની રકમ કરતા બે ગણા સુધી અથવા બંન્ને થઈ શકે છે.

(૧૮) ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪ ધ્યાને લેવામાં આવે તો સ્પેશીયલ એકટમાં કરવામાં આવેલ સજાની જોગવાઈને આધારે તે મુજબ કોર્ટને આરોપીને તકસીરવાન ઠરાવવાની અને દંડ કરવાની સત્તા છે. સજા સંદર્ભે આરોપી તરફે રેકર્ડ ઉપરની હકીકતો ધ્યાને લઈએ તો ગુનાનો પ્રકાર, આરોપીનુ વર્તન તથા રજુ પુરાવાઓને કાયદાની જોગવાઈ સાથે સાંકળીને વંચાણે લેતા

બે વર્ષ પુરેપુરી સજા કરવી યોગ્ય જણાઈ આવતુ નથી.

સામાન્ય રીતે સજાની માત્રા કેટલી હોવી જોઈએ તે બાબતે નામદાર વડી અદાલત તથા નામદાર સર્વોચ્ચ અદાલતના માર્ગદર્શક ચુકાદાઓ ઉપલબ્ધ છે. તે મુજબ સજા અત્યંત હળવી ન હોવી જોઈએ તેમજ સાથોસાથ અત્યંત કઠોર પણ ન હોવી જોઈએ. ગુનાની ગંભીરતા, તેના સંજોગો, આરોપીની ઉમર, તેનો સામાજિક દરજ્જો, તે કયા સમાજમાંથી આવે છે તે વગેરે હકિકતોને ધ્યાને લઈ સજા અંગેનો નિર્ણય કરવાનો રહે છે. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટમાં સદર જોગવાઈ સુધારાથી દાખલ કરવા પાછળનો લેજીસ્લેચરનો હેતું બેંકોનુ કામકાજ તેના નિયમોનુસાર કોઈ પણ જાતના અવરોધ વિના સતત અવિરતપણે ચાલુ રહે તે માટેનો છે. તે ઉપરાંત નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ કે જેમાં ચેક પ્રોમીસરી નોટ વેગેરનો સમાવેશ થાય છે. તેનો અવિરતપણે સતત ઉપયોગ ચાલતો રહે અને લોકોનો વિશ્વાસ તે વ્યવસ્થામાં ટકી રહે તે અંગેનો છે. સદરહું આરોપીએ કાયદેસરના દેવાની ચુકવણી અર્થે ચેક આપ્યો છે. જે ચેક ''**એકાઉન્ટ કલોઝ**'' ના શેરા સાથે વગર સ્વીકારે પરત ફરેલ છે. તેથી તે કાયદા પાછળનો હેતુ ધ્યાને લેતા આવા કેસમાં આરોપી પ્રત્યે દયા રાખવી ન જોઈએ અને સમાજમાં દાખલો બેસે અને લોકોનો બેંકીગ વ્યવસ્થામાં વિશ્વાસ ટકી રહે તે માટે આરોપીને ચોકકસપણે સજા કરવી જોઈએ તેમ હું માનુ છુ. કારણ કે, કાયદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર કાયદા ઘડવા પાછળનો ધારાસભાના ઈરાદાનો અસરકારક અમલ તે અદાલતની મુખ્ય ફરજ બની રહે છે અને જો તે મુજબ કરવામાં ના આવે તો લોકોનો બેંકીગ વ્યવસ્થામાંથી વિશ્વાસ ઉઠી જશે અને લોકો ચેકોનો બેફામ દુરપયોગ કરતાં થઈ જશે અને તે કારણે ભારતીય અર્થતંત્ર જે વિકાસશીલ અર્થતંત્ર છે તેને નુકશાન થાય તેવી સંભાવનાઓને નકારી ન શકાય અને તેથી તે બધી હકીકતોને ધ્યાનમાં લેતા આરોપીને પ્રોબેશનનો લાભ આપવો પણ યોગ્ય અને વ્યાજબી જણાતું નથી.

(૧૯) વધુમાં **<u>૨૦૧૩(૧) જી.એલ.આર. ૨૨૨, આર.મોહન વિરુધ્ધ એ.કે.વિજયાકુમાર</u>** ના કેસનો ચુકાદો ધ્યાને લેતાં, નામદાર સુપ્રિમ કોર્ટે સદર એકટની કલમ ૧૩૮ અન્વયે સજાને પાત્ર ગુનાની કેસની ઈન્સાફી કાર્યવાહીમાં આરોપીને સજા ફરમાવતી વખતે સંહિતાની કમલ–૩૯૫ અન્વયે ફરીયાદીને વળતર તરીકે યોગ્ય રકમ ચુકવવાનો હુકમ કરવાની હિમાયત કરી છે. જે ધ્યાને લેતા ફરીયાદીને યોગ્ય વળતર અપાવવું ન્યાયોચીત જણાતું હોય. જેથી **<u>''મુદ્દા નં. ૨''</u>** પરત્વે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>– આ ખ રી હુ ક મ –</u>**

**(૧)** આ કામના આરોપી **સંદીપભાઈ દયાશંકર મીશ્રા, ઉ.વ.આ.પુખ્ત, ધંધો–વેપાર, રહે. ૬, માનસરોવરપાર્ક, નાના બજાર, વલ્લભ વિદ્યાનગર,તા.જી.આણંદ** નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ– ૨૭૮(૨) અન્વયે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાર ઠરાવી ૬(છ) માસની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપીએ રૂા.૧,૮૦,૦૦૦/– ના તકરારી ચેક પૈકી રૂા.૮૦,૦૦૦/– ફરીયાદીને ચુકવેલ હોવાનુ રેકર્ડ ઉપરથી જણાઈ આવતુ હોય. જેથી તકરારી ચેક પૈકી બાકી રહેતી રકમથી બમણી રકમ રૂપિયા ૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પુરા) દંડ તરીકે જમા કરવાનો આરોપીને આથી હુકમ કરવામાં આવે છે.

**(૩)** જો આરોપી આ દંડની રકમ ચુકવવામાં નિષ્ફળ જાય તો આરોપીએ વધુ ૬ (છ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**(૪)** આરોપીએ દંડની રકમ અત્રેની અદાલતમાં જમા કરાવ્યેથી આ કામના ફરીયાદીએ પોતાની ઓળખનો આધાર–પુરાવો અત્રેની અદાલતના નાઝીરશ્રી સમક્ષ રજુ કર્યેથી તે રકમ ફરીયાદીને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની

કલમ–૩૯૫ મુજબ વળતર પેટે ચુકવી આપવાનો અત્રેની અદાલતના નાઝીરશ્રીને હુકમ કરવામાં આવે છે.

(૫) ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૦૪ અન્વયે આરોપીને હુકમની એક નકલ વિના મુલ્યે પુરી પાડવી.

(૬) આરોપી તર્ફેના જાતમુચરકા તથા જામીનખત રદ્દ ગણવા.

(૭) આરોપી આજરોજ અત્રેની અદાલત સમક્ષ હાજર ન હોય આરોપી સામે સજા અંગેનુ ફરતુ વોરંટ ઈશ્યુ કરી, આરોપી મળી આવ્યેથી તેની સામેનો સજાનો અમલ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા.૧૬ મી, માહે માર્ચ, સને ૨૦૨૬ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

વસો.
તા.૧૬/૦૩/૨૦૨૬

(સૌમિત્ર સુબોધભાઈ ત્રિવેદી)
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
વસો. (કોડ નં.જી.જે.૦૧૪૨૫ )